અપીલ અરજી નં.૧૦૧ તા.૧૫–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી રાજકુમાર ગ્યાનચંદ વટવાણી
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાજકુમાર ગ્યાનચંદ વટવાણીની તા.૮–૪–૧૦ ની અરજીથી સુરત ડીસ્ટ્રીકટ ચોર્યાસી સબ ડીસ્ટ્રીકટ મોજે રાંદેરના સર્વે નં.૧૨૮ પૈકી ઉપર આવેલ રામનગર વસાહતમાં આવેલ રૂમ નં.૬૬ તથા ૬૭ વાળી મિલ્કત ઉપર ગેરકાયદેસર તથા અનઅધિકૃત બાંધકામ ચાલુ હોવા અંગેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૫–૬–૧૦ ની **SMC/FAP/** નં.૧૦૧/૨૦૧૦–૧૧

શ્રી રાજકુમાર ગ્યાનચંદ વટવાણીની તા.૮–૪–૧૦ ની અરજીથી સુરત ડીસ્ટ્રીકટ ચોર્યાસી સબ ડીસ્ટ્રીકટ મોજે રાંદેરના સર્વે નં.૧૨૮ પૈકી ઉપર આવેલ રામનગર વસાહતમાં આવેલ રૂમ નં.૬૬ તથા ૬૭ વાળી મિલ્કત ઉપર ગેરકાયદેસર તથા અનઅધિકૃત બાંધકામ ચાલુ હોવા અંગેની માહિતી આપવા બાબતે સુરત મહાનગરપાલિકાએ શું કાર્યવાહી કરેલ છે તે અંગે માહિતી માંગેલ હતી પરંતુ કાર્યવાહી અંગે કોઈ પણ પ્રકારની માહિતી આપવામાં આવેલ નથી. તેવું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ થયેલ હોય તો તે અંગેનો પત્ર,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૭૯ તા.૧૯–૬–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૧૭૯ તા.૨૪–૬–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર વેસ્ટઝોન/આરટીઆઈસેલ/આ.નં.૧૨૪ તા.૧૫–૫–૧૦ ની પત્રની નકલ તથા બાંધકામના ફોટોગ્રાફ તથા અરજદારની તા.૨૦–૨–૦૭ ની પરમીશન માંગતી અરજીની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૮–૪–૧૦ ની અરજીથી સુરત ડીસ્ટ્રીકટ ચોર્યાસી સબ ડીસ્ટ્રીકટ મોજે રાંદેરના સર્વે નં.૧૨૮ પૈકી ઉપર આવેલ રામનગર વસાહતમાં આવેલ રૂમ નં.૬૬ તથા ૬૭ વાળી મિલ્કત ઉપર ગેરકાયદેસર તથા અનઅધિકૃત બાંધકામ ચાલુ હોવા અંગેની મ્યુ. કમિ.શ્રી ચીફ ઝોનલ ઓફિસર રાંદેરઝોન અને કાર્યપાલક ઈજનેરશ્રી રાંદેરઝોન, સુરત મહાનગરપાલિકાને આપેલ તા.૧૯–૨–૧૦ , ૨૨–૩–૧૦ તથા ૨૯–૩–૧૦ ની અરજી બાબત તથા તા.૨૬–૩–૧૦ , તા.૨૯–૩–૧૦ ના રોજ મ્યુ. કમિ.શ્રીને આપેલ ફેકસ મેસેજ અંગે આજ દિન સુધી થયેલ કાર્યવાહીની વિગતો માંગતી અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૧૨૪ તા.૧૫–૫–૧૦ થી "ટીપી સ્કીમ ૨૯(રાંદેર) ફા. પ્લોટ નં.૧૬/એ, રૂમ નં.૬૭,૬૮ મા વિકાસ પરવાનગી માંગતી અરજી આવેલ છે જે ચકાસણી હેઠળ છે જેની નકલ રૂા. ૨/– લેખે ભરપાઈ કર્યેથી ઉપલબ્ધ થઈ શકશે." તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે તા.૧૫–૬–૧૦ ના રોજ અપીલ અરજી કરી ઉકત નિર્દિષ્ટ તારીખોએ ગેરકાયદેસર અને અનઅધિકૃત બાંધકામ વિરુધ્ધ અરજીઓ કરી હતી તે અંગે મહાનગરપાલિકાએ શું કાર્યવાહી કરેલ છે તેની માહિતી માંગેલ હતી જે જવાબ આપવામાં આવેલ છે તેમાં કાર્યવાહી અંગે કોઈ પ્રકારની માહિતી આપવામાં આવેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. પરંતુ અરજદારે જાહેર માહિતી અધિકારીએ તૈયારી દર્શાવેલ વિગતે નિયત દસ્તાવેજ ફી ભરી નકલ મેળવેલ છે કે કેમ તે અંગે કોઈ પ્રકાશ પાડેલ નથી. ઉલ્લેખનીય છે કે જાહેર માહિતી અધિકારીના સદર પત્રમાં વિકાસ પરવાનગી અરજીની નકલ આપવાનો ઉલ્લેખ છે. જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં રૂમ નં.૬૬ ૬૭ વાળી મિલ્કતમાં કરવામાં આવેલ નિયમબધ્ધ ન થઈ શકે તેવા બાંધકામ બાબતે કરેલ કાર્યવાહી અંગેના રીપોર્ટની નકલ તથા અરજદારની વિકાસ પરવાનગી માંગતી અરજીની નકલ પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદારે તા.૨૦–૨–૦૭ ના રોજ વિકાસ પરવાનગી મેળવતી અરજીની નકલ રજૂ કરેલ છે. જે બાબતે નોંધ વિભાગમાં નગર રચના એકમ–૩ રૂઘનાથપુરા, સુરત ટીપી અંગેનો અભિપ્રાય ન મળવાના કારણે સદર અરજીને મંજુર આપી શકાયેલ ન હતી. જે તા.૧૯–૭–૧૦ થી તેમનો અભિપ્રાય ઝોન કચેરીને મળેલ મંજુરી આપવાની કાર્યવાહી પ્રગતિમાં હતી. તે દરમ્યાન મિલ્કતદાર ધ્વારા સ્થળ પર નિયમબધ્ધ ન થઈ શકે તેવું બાંધકામ શરૂ કરવામાં આવતા તેવું બાંધકામ તાત્કાલીક અસરથી અટકાવી તેને દુર કરી તેની જાણ મિલ્કતદાર પત્ર ક્રમાંક ૧૧૪ તા.૭–૫–૧૦ થી જણાવવામાં આવેલ હતું . મિલ્કતદાર ધ્વારા તેનો અમલ નહી કરી સ્થળ ઉપર બાંધકામ પ્રગતિમાં રાખેલ છે જે સ્થળ ઉપર દબાણ સ્ટાફ સહિત રૂબરૂ જઈ આગળ તથા પાછળના માર્જીનમાં બનાવવામાં આવેલ નિયમબધ્ધ ન થઈ શકે તેવું ગેરકાયદેસર બાંધકામ તોડી પાડી માર્જીન ખુલ્લુ કરવામાં આવેલ છે. તેવું પૂરક વિગતોમાં પૂરી પાડેલ નોંધ વિભાગની નકલમાં જણાવેલ છે. તથા બાંધકામના ફોટાઓ પણ રજૂ કરેલ છે. પરંતુ અરજદારને પૂરક વિગતોમાં થયેલી કાર્યવાહીની વિગતો પૂરી પડાયેલ જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૪–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ઉપરોકત પૂરક વિગતોમાં  જણાવેલ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નહીં પૂરી પડાયેલી માહિતી  આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે  અત્રે ની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા  ઝોનલચીફ  અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ને જણાવવામાં આવે  છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :       –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ  અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન),......જાણ તથા અમલ માટે
(૨) શ્રી રાજકુમાર ગ્યાનચંદ વટવાણી